# 11

**અમદાવાદ અને સુરત શહેરમાં ગુનેગારોને પકડવા બાબત**

***15/9/792 શ્રી અમિત ચાવડા (આંકલાવ): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૭/૨૦૨૫ની સ્થિતિએ અમદાવાદ શહેર – સુરત શહેરમાં છેલ્લા એક વર્ષમાં ચોરી, લૂંટ, બળાત્કાર, હત્યા, છેડતી, અપહરણ, ખંડણી, દારૂ – જુગાર, સાયબર ફ્રોડની કેટલી ફરિયાદો નોંધાઈ, | (૧) | પત્રક-૧ મુજબ. |
| (૨) | ઉક્ત સ્થિતિએ કેટલા ગુનેગારોને પકડવામાં આવ્યા અને કેટલાને પકડવાના બાકી છે, અને | (૨) | (કોષ્ટક નીચે) |
| (૩) | બાકી ગુનેગારોને પકડવા શું કાર્યવાહી કરવામાં આવી? | (૩) | બાકી ઇસમોને પકડવા, મિત્ર વર્તુળ / સગા સંબંધીઓમાં તપાસ કરાવવામાં આવેલ છે, મોબાઇલ તેમજ ટેક્નિકલ સર્વેલન્સ આધારે આરોપીઓ વિશે માહિતી મેળવવાની કાર્યવાહી કરવામાં આવેલ છે તેમજ બાતમીદારો થકી પણ આરોપીઓની તપાસ કરવામાં આવેલ છે.<br>સાયબર ફ્રોડને લગત બાકી ગુનેગારોને પકડવા માટે, બેંક કેવાયસી, બેન્ક સ્ટેટમેન્ટ તેમજ સ્ટેટમેન્ટમાં થયેલા ટ્રાન્જેક્શનોની વિગતો, મોબાઇલ એસ.ડી.આર, સી.ડી.આરની વિગતો, આઇ.પી એડ્રેસના આધારે આરોપીની તપાસ કરવામાં આવેલ છે .રાજ્ય બહારના આરોપીઓ માટે તેમના મોબાઈલ નંબર તથા બેન્ક એકાઉન્ટનું સતત ટેકનિકલ એનાલિસિસ કરી, અલગ અલગ રાજ્યોમાં અવાર-નવાર ટીમ મોકલી અને અન્ય રાજ્યની પોલીસની મદદ મેળવી તપાસ કાર્યવાહી કરવામાં આવેલ છે. વિદેશમા નાસી ગયેલ આરોપીઓને પકડી પાડવા સારૂ એલ.ઓ.સી. (લુક આઉટ સર્ક્યુલર ) કઢાવવામા આવેલ છે. |

(૨) જવાબ:

| પકડવામાં આવેલ ગુનેગારોની સંખ્યા | પકડવાના બાકી ગુનેગારોની સંખ્યા |
|---|---|
| ૩૮૮૭૭ | ૭૨૫ |

પત્રક–૧

| તા.૦૧/૦૮/૨૦૨૫ થી તા.૩૧/૦૭/૨૦૨૬ | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **શહેરનુ નામ** | **ચોરીના નોંધાયેલ ગુનાની સંખ્યા** | **લુંટના નોંધાયેલ ગુનાની સંખ્યા** | **બળાત્કારના નોંધાયેલ ગુનાની સંખ્યા** | **હત્યાના નોંધાયેલ ગુનાની સંખ્યા** | **છેડતીના નોધાયેલ ગુનાની સંખ્યા** | **અપહરણના નોંધાયેલ ગુનાની સંખ્યા** | **ખંડણીના નોધાયેલ ગુનાની સંખ્યા** | **દારૂના નોધાયેલ ગુનાની સંખ્યા** | **જુગારના નોધાયેલ ગુનાની સંખ્યા** | **સાયબર ફ્રોડના નોધાયેલ ગુનાની સંખ્યા** |
| અમદાવાદ શહેર | ૨૮૬૦ | ૫૬ | ૨૮૯ | ૮૩ | ૧૧૭ | ૨૨૫ | ૧૦ | ૧૨૮૮૯ | ૧૪૯૫ | ૪૯૫ |
| સુરત શહેર | ૧૨૭૫ | ૫૪ | ૩૩૧ | ૧૧૫ | ૧૩૪ | ૨૯૭ | ૧૦૮ | ૮૫૫૬ | ૧૧૩૭ | ૩૩૩ |

------------------